Extra No. 262

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, APRIL 7, 2026 / CHAITRA 17, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

વંચાણમાં લીધુ :-

- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની તા.૦૧/૦૪/૨૦૨૬ની અખબારી યાદી ક્રમાંક ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦૨૬/ ૯૬૪૭ થી ૯૭૬૧

નં. ડીસી/સ્થા.સ્વ.ચું.૨૦૨૬/વશી.૩૫૧૩ થી ૩૫૩૦/૨૦૨૬:- આમુખ-૧ થી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય / વિભાજન / મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ ગાંધીનગર જિલ્લાની ૨ નગરપાલિકા (કલોલ, દહેગામ), ગાંધીનગર જિલ્લા પંચાયત, તથા ૩ તાલુકા પંચાયત (કલોલ, માણસા, દહેગામ)ની ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. સદરહું ચૂંટણીઓ હેઠળની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી અન્વયે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ યોજનાર છે તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ના રોજ પૂર્ણ થનાર છે.

ચૂંટણી મુક્ત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે કોઈપણ સરકારી કે જાહેર મિલકતો વિકૃત ન થાય તેમજ શાંતિમય, નિર્ભિક અને નિષ્પક્ષ વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે નીચેની બાબતો પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું રવિન્દ્ર ખતાલે આઇ.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી યોજાનાર વિસ્તારોમાં નીચે મુજબ ફરમાવું છુ.

- કોઈપણ રાજકીય પક્ષ, સંસ્થા, ચૂંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઈ વ્યક્તિઓ કોઈપણ સરકારી (સિવિલ મકાન સહિત) ની દિવાલ પર તથા જાહેર સ્થળે લખાણ લખી શકાશે નહી. કોઈપણ રોડ, રસ્તા પર પણ આવા કોઈ લખાણો કરી શકશે નહી અથવા પોસ્ટર / કાગળો ચોંટાડવા કે કોઈપણ રીતે બગાડી શકાશે નહી અથવા જાહેરાતના પૂંઠા, પાટીયા, બેનર્સ, ધજા વગેરે રાખી/નિદર્શન કરી શકાશે નહીં.

- આ હેતુ માટે સરકારી મકાન - જાહેર સ્થળમાં કોઈપણ સરકારી કચેરી અને તેનું પ્રાંગણ જેમાં કચેરીનું મકાન આવેલ હોય તે તેમજ અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવાતા પાટીયા, હાઈવે ઉપરના માઈલ સ્ટોન અને બોર્ડ, રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, ટેલીફોન તથા ઈલેક્ટ્રીકના થાંભલાઓ, નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓની મિલકતો, સરકારશ્રીના જાહેર ઉપક્રમોની મિલકતો, રાજ્ય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો, જાહેર માર્ગો અને એસ.ટી. બસ સ્ટોપ કે વાહનોનો સમાવેશ થશે.

- કોઈ પણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા ઉમેદવાર માટે કોઇ મંડળ, સંગઠન અથવા વ્યક્તિઓ દ્વારા કોઈ પણ ખાનગી મિલકત ઉપર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર્સ વગરે તે જગ્યાના માલિકની પૂર્વ મંજૂરી વગર મૂકી શકાશે નહી.

- હોર્ડિંગ્સની સાઈઝ ૧૫ ફુટ **x** ૮ ફુટ થી વધારે હોવી જોઈએ નહિં. કટઆઉટની ઊંચાઈ ૮ ફુટ થી વધવી જોઈએ નહિં. કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ ચૂંટણી અધિકારીને કરવાની રહેશે. આ અંગેનો ખર્ચ સબંધિત ઉમેદવાર/ઉમેદાવારોના ચૂંટણી ખર્ચના હિસાબમાં યોગ્ય દર્શાવવાનો રહેશે.

- પરવાનગી અપાયેલ દિવાલો, મકાનો અને અન્ય મિલકતોને મૂળ સ્થિતિમાં લાવવાની જવાબદારી સબંધિત ઉમેદવારની રહેશે. માલ-મિલકત ઉપર ચૂંટણી વિષયક લખાણ દૂર કરવાનો ખર્ચ સબંધિત ઉમેદવાર પાસેથી વસૂલ કરવાનો રહેશે.

આ હુકમ ગાંધીનગર જિલ્લાના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારમાં લાગુ પડશે.

આ હુકમ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને આગામી એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે જાહેરાત કરાવવી.

આજ રોજ તારીખ ૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

રવિન્દ્ર ખતાલે,

જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.20 14:53:50 IST